શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૧૯ થી ૨૩

# શ્રી નિરયાવલિકાદિ પાંચ સૂત્રો

આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.


આલેખન

- ડૉ. સાધ્વી આરતી
- સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

અહો ગુરુદેવ!

આપની આજ્ઞા સહ પરમ કૃપાએ

સાકાર પામેલી ગુરુ પ્રાણ

આગમ બત્રીસી આધારિત

આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે

આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી નિરયાવલિકાદિ પાંચ સૂત્ર

આ શાસ્ત્રનું નામ ઉપાંગ સૂત્ર છે. તે એક શ્રુતસ્કંધરૂપ છે. તેના નિરયાવલિકા આદિ પાંચ વર્ગ છે. ૧. નિરયાવલિકા, ૨. કલ્પાવતંસિકા, ૩. પુષ્પિકા, ૪. પુષ્પચૂલિકા, ૫. વૃષ્ણિદશા. આ પાંચે વર્ગ વર્તમાનમાં પાંચ સ્વતંત્ર શાસ્ત્ર તરીકે પ્રસિદ્ધ છે. બાર ઉપાંગસૂત્રની ગણનામાં નિરયાવલિકા આદિ પાંચે શાસ્ત્રોની ગણના થાય છે.

## વર્ગ – ૧ : નિરયાવલિકા

પ્રથમ વર્ગમાં દસ અધ્યયન છે. તેમાં શ્રેણિક રાજાના નરકગામી દસ પુત્રોનું વર્ણન છે, તેથી તેનું નામ નિરયાવલિકા છે.

ભગવાન મહાવીરસ્વામીના સમયમાં રાજગૃહી નામની નગરી હતી. ત્યાં શ્રેણિકરાજા રાજ્ય કરતા હતા. તેને ચેલણા, ધારિણી, નંદાદિ તેર તથા કાલી આદિ દસ અને અન્ય અનેક રાણીઓ હતી. ચેલણારાણીને કોણિક, વેહલ્લ આદિ પુત્રો હતા. ધારિણીને મેઘકુમાર અને નંદાને અભયકુમાર નામનો પુત્ર હતો. કાલી આદિ દસ

રાણીઓને કાલ, સુકાલ આદિ પુત્રો હતા.

કાલ, સુકાલ આદિ દસે ભાઈઓ કોણિકરાજા સાથે યુદ્ધમાં ગયા હતા. તેમની માતા કાલી આદિ રાણીઓએ પ્રભુના સમવસરણમાં જઈને પ્રભુને પોતાના પુત્રના વિજય-પરાજય વિષયક પ્રશ્ન પૂછ્યો, પ્રભુએ કહ્યું, દસે પુત્રો યુદ્ધમાં મૃત્યુ પામી નરકમાં ગયા છે. તેના સંદર્ભમાં પ્રભુએ કોણિકરાજા તથા યુદ્ધના કારણ વગેરેનું કથન કર્યું છે.

**કોણિકરાજા** - રાજગૃહી નગરીમાં શ્રેણિકરાજા અને ચેલણારાણી સુખી ગૃહસ્થ જીવન વ્યતીત કરી રહ્યાં હતાં. એકદા રાણીએ સિંહના સ્વપ્નપૂર્વક ગર્ભને ધારણ કર્યો.

ગર્ભગત જીવના શ્રેણિકરાજા સાથેના વેરાનુબંધથી ત્રીજે મહિને રાણીને શ્રેણિકરાજાના કલેજાનું માંસ ખાવાનો દોહદ (સંકલ્પ) ઉત્પન્ન થયો.

લઘુમાતાનો દોહદ પૂર્ણ કરવા અભયકુમારે શ્રેણિકરાજાને શય્યા ઉપર સૂવડાવી, તેના ઉદર પર વધ સ્થાનેથી મંગાવેલ માંસનો ટુકડો રાખીને લઘુમાતાના દોહદની પૂર્તિ કરી.

રાણી ચિંતિત હતી કે જે જીવ ગર્ભમાં છે,

ત્યારથી જ તે પિતાનું માંસ ખાવાની ઈચ્છા કરાવે છે, તે જન્મ ધારણ કરીને પિતા સાથે કેવો વ્યવહાર કરશે ? આ પ્રકારની વિચારણાથી તેણે ગર્ભને નષ્ટ કરવાના અનેક પ્રયત્નો કર્યા પરંતુ ચેલણાના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા. યથાસમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાણીના અંતરમાં પુત્રજન્મના આનંદના બદલે ચિંતા હતી. તેણીએ નવજાતશિશુને દાસી દ્વારા ઉકરડે ફેંકાવી દીધો. ત્યાં એક કૂકડાએ તે બાળકની આંગળી કરડી ખાધી. બાળકની આંગળીમાંથી લોહી વહેવા લાગ્યું. નિરાધાર બાળક પોતાના કર્મની ઉદયજન્ય વેદનાને સહન કરી રહ્યો હતો.

આ સર્વ સમાચાર રાજા શ્રેણિકને મળ્યા. ત્યારે શ્રેણિકના અંતરમાં વાત્સલ્યભાવ જાગૃત થયો. તે ઉકરડેથી પોતાના પુત્રને લઈ આવ્યા અને રાણીને આ કૃત્ય માટે ઠપકો આપ્યો, તેમજ બાળકની સારસંભાળ લેવાનો આદેશ આપ્યો.

કૂકડાએ આંગળી કરડી ખાધી હોવાથી બાળકનું નામ કોણિક રાખ્યું. ક્રમશઃ બાલ્યકાલ વ્યતીત થયો, કોણિકે યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. પદ્માવતી આદિ આઠ કન્યાઓ સાથે તેનું પાણીગ્રહણ થયું.

એકદા મધ્યરાત્રિના સમયે કોણિકકુમારના અંતરમાં દુર્વિચાર પ્રગટ થયો 'શ્રેણિકરાજાના વિઘ્નના કારણે હું સ્વયં રાજ્યશાસનનો કે રાજ્યવૈભવનો ઉપભોગ કરી શકતો નથી, તેથી શ્રેણિકરાજાને જેલમાં બંધનગ્રસ્ત કરી મારો રાજ્યાભિષેક કરાવવો, તે મારા માટે યોગ્ય છે.' આ વિચારને સાકાર કરવા કોણિક તક શોધવા લાગ્યો. કોણિકે કાલ આદિ દશે ભાઈઓ સમક્ષ પોતાનો વિચાર પ્રગટ કર્યો. રાજ્યના લોભમાં આસક્ત બનેલા દશે ભાઈઓએ કોણિકની વાતનો સ્વીકાર કર્યો. કોણિકે શ્રેણિકને બંધનગ્રસ્ત કરી પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો અને સ્વયં રાજ્યસુખને ભોગવવા લાગ્યો.

પૂર્વના વેરાનુબંધના કારણે કોણિકને શ્રેણિક રાજા સાથે વેરબુદ્ધિ હતી પરંતુ માતા ચેલણા પ્રતિ આદર અને માતૃભક્તિનો ભાવ હતો. તે પ્રતિદિન માતાના ચરણ સ્પર્શ કરવા જતો. એકદા માતાની ઉદાસીનતા જોઈને કોણિકરાજાએ તેનું કારણ પૂછ્યું, માતાએ કોણિકને તેના ગર્ભકાલની તથા જન્મ સમયની વાત અતથી ઈતિ સુધી કરી. તે સમયે પિતા શ્રેણિકે પ્રગટ કરેલો વાત્સલ્યભાવ અને ઉદારતાનું દર્શન કરાવ્યું,

પિતાને બંધનગ્રસ્ત કરવા, તે પુત્રને માટે યથોચિત નથી, તે વાત સમજાવી.

માતાની પાસેથી સત્ય હકીકત જાણીને કોણિકનું દિલ દ્રવિત થયું. પિતા પ્રતિ વેરાનુબંધ પૂર્ણ થયો. પોતાના દુષ્કૃત્ય માટે પશ્ચાતાપનો ભાવ જાગૃત થયો. પિતાને મુક્ત કરવા માટે તુરંત જ કુહાડી લઈને દોડયો. બંધનગ્રસ્ત રાજા શ્રેણિકે કુહાડી સહિત કોણિકને આવતા જોઈને વિચાર આવ્યો કે 'ખરેખર ! આ કમભાગી પુત્ર કેવા કમોતે મને મારવા ઈચ્છે છે, તે સમજાતું નથી.' પુત્રના હાથે કમોતે મરવું, તેનાથી સ્વયં સ્વેચ્છાથી મૃત્યુનો સ્વીકાર કરવો, તે શ્રેષ્ઠ છે. તેમ માનીને પોતાની અંગુઠીમાં રહેલા તાલપુટ વિષયુક્ત હીરો ચૂસી ગયા અને રાજા શ્રેણિક પરલોકગામી બની ગયા. કર્મયોગે રાજા કોણિક પિતાને બંધનથી મુકત કરવાની પોતાની ભાવના પૂર્ણ કરી શકયા નહીં. પોતાના જ નિમિત્તથી પિતાના અપમૃત્યુથી કોણિકને પારાવાર દુઃખ થયું. પિતાની સ્મૃતિના કારણે તે રાજગૃહીમાં રહી શક્યો નહીં. તેણે રાજગૃહી નગરીને છોડીને ચંપાનગરીમાં પોતાની રાજધાની સ્થાપી. ત્યાર પછી કાલ, સુકાલ આદિ દશે

ભાઈઓને બોલાવીને પૂર્વના વચનાનુસાર રાજ્ય સંપત્તિના અગિયાર વિભાગ કર્યા. સહુ પોત–પોતાને પ્રાપ્ત થયેલી રાજ્યસંપત્તિ આનંદથી ભોગવી રહ્યા હતા.

**યુદ્ધનું નિમિત્ત :–** શ્રેણિકરાજાએ પોતાના જીવનકાલ દરમ્યાન મૂલ્યવાન બે વસ્તુ, અઢારસરોહાર તથા સેચનક નામનો ગંધહસ્તી, પુત્ર વેહલ્લકુમારને આપ્યા હતા. એકદા વેહલ્લકુમાર ચંપાનગરીમાં પોતાના અંતઃપુર સાથે સેચનકગંધહસ્તી પર આરૂઢ થઈને ગંગાનદીમાં ઉતરી રહ્યા હતા. સેચનકહસ્તીની વિવિધ ચેષ્ટાઓથી અંતઃપુર સહિત વેહલ્લકુમાર આનંદ માણી રહ્યો હતો. આ જોઈને લોકોએ પદ્માવતી રાણીના કાન ભંભેર્યા કે 'વેહલ્લકુમાર ભલે રાજા ન હોય પરંતુ રાજ્યલક્ષ્મીનો સાચો ઉપભોગ વેહલ્લકુમાર જ કરી રહ્યા છે. જો રાજ્યની મૂલ્યવાન વસ્તુ પર રાજાનો અધિકાર ન હોય, તો તેવા રાજ્યથી શું લાભ ? પદ્માવતીના અંતરમાં ઈર્ષ્યાનો કીડો સળવળવા લાગ્યો તેણે કોણિકને કહ્યું, 'વેહલ્લકુમાર સેચનકગંધહસ્તી પર મનમોહક ક્રીડાઓ કરે છે, તે ગંધહસ્તી જો આપણી પાસે ન હોય, તો તેવા રાજ્યનો અર્થ નથી.' કોણિકે પદ્માવતીની ઈચ્છાને આધીન બનીને વેહલ્લકુમાર પાસે

હાર–હાથીની માંગણી કરી, પરંતુ વેહલ્લકુમારે તે આપ્યા નહીં. તે પોતાની સુરક્ષા માટે ચંપાનગરીમાંથી પોતાની ધનસંપત્તિ, અંતઃપુર આદિ લઈને વૈશાલી નગરીમાં પોતાના નાના ચેટકરાજાના આશ્રયમાં ગયો. કોણિકે દૂત દ્વારા ચેટકરાજાને સંદેશો મોકલ્યો કે હાર અને હાથી મને આપો અને અન્યથા વેહલ્લકુમારને પાછો મોકલો.

ચેટકરાજા સત્યના અને ન્યાયના આગ્રહી હતા. તેમણે દૂતને સ્પષ્ટ સંદેશો આપ્યો કે ‘કોણિકરાજા હાર–હાથીના બદલે અર્ધુ રાજ્ય આપે, તો જ વેહલ્લકુમારને પાછો મોકલીશ, અન્યથા પાછો મોકલીશ નહીં.’ દૂત દ્વારા ચેટકરાજાનો સંદેશો સાંભળીને કોણિકરાજા અત્યંત કોપિત થયા. તેમણે ફરી દૂતને વૈશાલી મોકલ્યો અને ચેટકરાજાને કહ્યું કે ‘હવે કોઈ વિકલ્પને અવકાશ નથી. હાર–હાથી સાથે વેહલ્લકુમારને પાછો મોકલો, અન્યથા યુદ્ધ માટે તૈયાર થાઓ.’ ચેટકરાજા દૂતની ધમકીથી ડર્યા નહીં. તેઓ પોતાના નિર્ણયમાં, મક્કમ રહ્યા અને કહી દીધું કે હું યુદ્ધને માટે તૈયાર છું.

**મહાયુદ્ધ** – કોણિકરાજાએ પોતાની સહાયતામાં કાલ,

સુકાલ આદિ દશે ભાઈઓને ચતુરંગી સેના સહિત બોલાવ્યા અને ચેટકરાજાએ કાશી અને કોશલ દેશના અઢાર ગણરાજાઓને યુદ્ધમાં સહાયક બનવા આમંત્રણ આપ્યું. સમરાંગણમાં બંને પક્ષની સેનાઓ ઉપસ્થિત થઈ. કોણિકની સેનામાં ૩૩૦૦૦ હાથી, ૩૩૦૦૦ ઘોડા, ૩૩૦૦૦ રથ તથા ૩૩ ક્રોડ પાયદળ સૈનિકો હતા. ચેટકરાજાની સેનામાં ૫૭૦૦૦ હાથી, ૫૭૦૦૦ ઘોડા, ૫૭૦૦૦ રથ તથા ૫૭ ક્રોડ પાયદળ સેના હતી. યુદ્ધના પ્રથમ દિવસે કાલકુમાર સેનાપતિ બનીને યુદ્ધ માટે આવ્યા. બાર વ્રતધારી શ્રાવક ચેટકરાજાએ ન્યાય માટે બાણ ઉઠાવ્યું, યુદ્ધમાં પ્રથમ બાણ પોતે ન છોડવું, તેવો તેમને નિયમ હતો. શત્રુપક્ષનું બાણ આવે, ત્યારપછી તે બાણ છોડતાં. ચેટકરાજાનું બાણ અમોઘ હતું. તેના પ્રહારથી કાલકુમાર ઘાયલ થઈને મૃત્યુ પામ્યા. શ્રી ભગવતી સૂત્રાનુસાર દશ દિવસમાં કાલ, સુકાલ આદિ દશે ભાઈઓ ક્રમશઃ ચેટકરાજાના પ્રહારથી મૃત્યુ પામ્યા. ત્યારે કોણિક પોતાની સુરક્ષા માટે ચિંતિત થયો, તેણે પોતાના મિત્રદેવ ચમરેન્દ્ર અને શક્રેન્દ્રની આરાધના કરી અને યુદ્ધમાં વિજય પ્રાપ્તિ માટે વિનંતિ

કરી. બંને ઈન્દ્રોએ પૂર્વભવના મિત્રના સંબંધે યુદ્ધભૂમિમાં **રથમુસલસંગ્રામ** અને **મહાશિલાકંટકસંગ્રામ**ની વિકુર્વણા કરી. જે સંગ્રામમાં મનુષ્ય રહિત મુસળયુકત રથ તીવ્ર વેગથી દોડીને શત્રુપક્ષનો સંહાર કરે, તે રથમુસલસંગ્રામ છે અને જે સંગ્રામમાં તણખલું ફેંકવા માત્રથી પણ શત્રુપક્ષને મહાશિલા મારવા જેવી તીવ્ર વેદના થાય છે, તે મહાશિલાકંટકસંગ્રામ છે. દૈવી સહાયથી થયેલા આ ઘોર સંગ્રામમાં એક ક્રોડ એંસી લાખ મનુષ્યોનો સંહાર થયો. દૈવી સહાયથી જ કોણિકરાજા વિજયને પામ્યા અને ચેટકરાજા પરાજિત થયા.

**કાલીરાણીને વૈરાગ્યભાવ :** પોતાના વહાલસોયા પુત્ર યુદ્ધભૂમિમાં ગયા પછી માતા કાલીના અંતરમાં સતત ચિંતા રહેતી હતી કે પુત્ર કયારે ઘેર પાછા આવશે ? પુત્રનું શું થયું હશે ? તે જ સમયે પ્રભુ મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ચંપાનગરીમાં પધાર્યા. કાલી રાણીને મનમાં થયું કે હું સર્વજ્ઞ પ્રભુના દર્શન કરીને, મારા અંતરનો પ્રશ્ન પ્રભુને પૂછીને તેનું સમાધાન પ્રાપ્ત કરું. તે પ્રભુના સમવસરણમાં ગયા. ભક્તિભાવથી પ્રભુને વંદન-નમસ્કાર કરીને પ્રભુને પૂછ્યું કે 'હે

પ્રભો ! મારો પુત્ર કાલકુમાર યુદ્ધમાં ગયો છે, હે પ્રભો ! તે પાછો કયારે આવશે ? તે વિજયી બનશે કે પરાજયી ?'

પ્રભુ કેવળજ્ઞાનના ધારક હોવાથી લોકાલોકની વાતો જાણતા હતા, તેમણે કાલીરાણીને વાસ્તવિકતા સમજાવી. 'હે કાલી ! તારો પુત્ર શૂરવીરતાપૂર્વક યુદ્ધ કરતો હતો પરંતુ ચેટકરાજાના એક જ બાણથી તે ઘાયલ થઈને પરલોકગામી બની ગયો છે. હે કાલી ! હવે તું તારા પુત્રને જીવતો જોઈ શકીશ નહીં. પ્રભુના શ્રીમુખેથી પુત્રના મૃત્યુના સમાચાર સાંભળીને કાલીરાણી મૂચ્છિર્ત થઈને ઢળી પડી. પુત્રવિયોગ કાલીરાણીના વૈરાગ્યનું નિમિત્ત બનવાનો હતો, તેથી પ્રભુએ તે હકીકત જણાવી. થોડીવાર પછી સ્વસ્થ થતાં પ્રભુના વચનમાં તેની શ્રદ્ધા દઢતમ થઈ. તેણે સંસારની, સંબંધોની અનિત્યતા અને અશરણભૂતતાનો વિચાર કર્યો. તેનો પુત્ર પ્રતિ મોહભાવ દૂર થયો અને વૈરાગ્યભાવ પ્રગટ થયો અને કાલીરાણીએ પ્રભુના સાંનિધ્યમાં સંયમનો સ્વીકાર કર્યો. શ્રી અંતગડ સૂત્રમાં કાલી આદિ રાણીના સંયમસ્વીકાર અને ત્યાર પછીની ઉગ્ર તપસ્યાનું વર્ણન છે.

**કાલકુમારની ગતિ** – યુદ્ધમાં ઘોર હિંસા કરવાથી કાલકુમાર ચોથી નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થયો. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યજન્મ પ્રાપ્ત કરી મહાવિદેહક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

**અધ્યયન ૨ થી ૧૦ :** પ્રથમ વર્ગના બીજાથી દશમા અધ્યયનમાં ૨. સુકાલીરાણીના પુત્ર સુકાલ, ૩. મહાકાલી રાણીના પુત્ર મહાકાલ, ૪. કૃષ્ણારાણીના પુત્ર કૃષ્ણકુમાર, ૫. સુકૃષ્ણારાણીના પુત્ર સુકૃષ્ણ, ૬.વીરકૃષ્ણારાણીના પુત્ર વીરકૃષ્ણ, ૭. રામકૃષ્ણરાણીના પુત્ર રામકૃષ્ણ, ૮. મહાકૃષ્ણારાણીના પુત્ર મહાકૃષ્ણ, ૯. પિતૃસેનકૃષ્ણારાણીના પુત્ર પિતૃસેનકૃષ્ણ તથા ૧૦. મહાસેનકૃષ્ણારાણીના પુત્ર મહાસેનકૃષ્ણ, આ નવ ભાઈઓના જીવનચરિત્ર છે. કાલ આદિ કુમારો રાજ્યસંપતિના લોભમાં કોણિકરાજાની પિતાને બંધનગ્રસ્ત કરવાની યોજનામાં સામિલ થયા હતા. આ રીતે દશે ભાઈઓએ અસત્યપક્ષની અનુમોદના રૂપ પાપનું આચરણ કર્યું. કોણિકને યુદ્ધમાં સહાયક બની ઘોર હિંસાનું આચરણ કર્યું, તેથી તેઓ નરકગામી બન્યા. સુકાલી આદિ તેમની માતાઓ પુત્રચિંતાથી પ્રભુના

સમવસરણમાં ગઈ. પ્રભુ જાણતા હતા કે પુત્રવિયોગનું દુઃખ સુકાલી આદિ રાણીઓના વૈરાગ્યનું નિમિત્ત બનવાનું છે, તેથી પ્રભુએ સુકાલી આદિ રાણીઓને પણ જણાવ્યું કે યુદ્ધમાં સુકાલ આદિ ભાઈઓ મૃત્યુ પામીને નરકમાં ગયા છે. સુકાલી આદિ રાણીઓ પુત્રવિયોગથી મૂર્ચ્છિત થઈ ગઈ. થોડીવાર પછી સ્વસ્થ થતાં વાસ્તવિકતાને સ્વીકારી, બોધ પામીને સંયમનો સ્વીકાર કરી, ઉગ્ર તપની સાધના કરી, જીવન સફળ બનાવ્યું. સુકાલ આદિ સર્વ પુત્રો નરકાયુષ્યને પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મ ધારણ કરીને સિદ્ધ થશે. આ રીતે પ્રથમ વર્ગમાં શ્રેણિકના નરકગામી છતાં એકાવતારી દશ પુત્રોનું જીવનવૃત્તાંત છે.

## વર્ગ – ૨ : કલ્પાવતંસિકા

આ વર્ગમાં દશ અધ્યયન છે. તેમાં કાલકુમાર આદિ દશે કુમારના દશ પુત્રોના કલ્પોપપન્ન દેવલોકમાં ઉત્પન્ન થવાનું પ્રતિપાદન છે. દેવોમાં બે પ્રકારની દેવજાતિ હોય છે, કલ્પોપપન્ન દેવ અને કલ્પાતીત દેવ.

જે દેવોમાં સ્વામી–સેવકના ભેદ હોય; ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ આદિ દશ પ્રકારની

જાતિ હોય, તે સર્વ દેવોને મનુષ્યલોકના રાજા-પ્રજાની જેમ ઈન્દ્રની અધીનતામાં રહેવાનું હોય, તે દેવોને કલ્પોપપન્ન દેવ કહે છે. વૈમાનિક જાતિના દેવોમાં એકથી બાર દેવલોકમાં કલ્પોપપન્ન દેવો હોય છે. જે દેવોમાં સ્વામી-સેવકનો ભેદ ન હોય, સર્વ દેવો એક સમાન હોય, જે દેવોને કોઈની અધીનતા હોતી નથી, જે દેવોમાં ઈન્દ્ર, સામાનિક આદિ કોઈપણ દેવજાતિ નથી. તે સર્વ અહમેન્દ્ર દેવોકલ્પાતીત દેવ કહેવાય છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો કલ્પાતીત છે.

**પદ્મકુમાર** - પ્રભુ મહાવીરના સમયમાં ચંપાનગરીમાં કોણિકરાજાના અપરમાતા કાલીરાણીને કાલકુમાર પુત્ર અને પદ્માવતી પુત્રવધુ હતી. પદ્માવતી રાણીએ સિંહનાં સ્વપ્ન દર્શનપૂર્વક પુત્રરત્નને જન્મ આપ્યો અને તેનું નામ પદ્મકુમાર રાખ્યું. પદ્મકુમાર યુવાવસ્થાને પામ્યો, ત્યારે આઠ રાજકન્યાઓ સાથે તેના લગ્ન થયા.

એકદા ચંપાનગરીમાં પ્રભુ મહાવીરસ્વામીનું પદાર્પણ થયું. પદ્મકુમાર પરિવાર સહિત પ્રભુના દર્શન કરવા ગયા. તેણે ભક્તિભાવપૂર્વક વંદન-નમસ્કાર કરી પ્રભુનો ઉપદેશ સાંભળ્યો. પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય

વાસિત બની, ક્ષણમાત્રનો પ્રમાદ કર્યા વિના પારિવારિકજનોની સંમતિ પૂર્વક સંયમધર્મનો સ્વીકાર કર્યો.

પદ્મમુનિએ પ્રભુના તથારૂપના સ્થવિરો પાસે ૧૧ અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું. ઉપવાસ, છઠ, અટ્ઠમ આદિ વિવિધ પ્રકાની સાધનાથી આત્માને ભાવિત કર્યો. વિવિધ તપારાધનાથી શરીર જયારે અત્યંત કૃશ, શુષ્ક થઈ ગયું, ત્યારે વિપુલગિરિ પર્વત પર જઈને યાવજ્જીવનના અનશનવ્રતનો સ્વીકાર કર્યો. એક માસની અનશન આરાધના કરીને, પાંચ વર્ષની શ્રમણ પર્યાયનું પાલન કરીને, પદ્મઅણગારે સમાધિ ભાવે દેહનો ત્યાગ કર્યો. પદ્મઅણગાર નિરતિચાર ચારિત્રનું પાલન કરીને વૈમાનિક જાતિના દેવોમાં પ્રથમ સૌધર્મ દેવલોકમાં બે સાગરોપમની સ્થિતિએ દેવપણે ઉત્પન્ન થયા, દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને પદ્મઅણગારનો આત્મા મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

પ્રસ્તુત ચરિત્ર કર્મસિદ્ધાંતને પ્રગટ કરે છે. એક જ પરિવારમાં જન્મ પામેલી વ્યકિતઓના કર્મો ભિન્ન

ભિન્ન હોય છે અને પ્રત્યેક વ્યકિતએ પોતાના કર્મો ભોગવવા પડે છે. શ્રેણિકરાજાના કુળમાં જન્મેલા સર્વ જીવોને રાજવૈભવ સુખ, સમાન રૂપે પ્રાપ્ત થયા, પરંતુ તે ભૌતિક સુખના ભોગવટામાં પિતા, પુત્ર, પૌત્ર, પુત્રવધુ આદિ દરેકની દષ્ટિ ભિન્ન રહી હતી. કોણિક રાજાને પ્રાપ્ત સંપત્તિમાં સંતોષ ન થયો, રાજયસંપત્તિના લોભે પિતાને બંધનગ્રસ્ત કર્યા. કાલકુમાર આદિ દશે ભાઈઓએ પણ સંપત્તિની લાલચમાં ફસાઈને અસત્યના પક્ષનો આશ્રય લીધો, પરંતુ તેમની માતા કાલી આદિ રાણીઓએ નિમિત્ત મળતાં ભૌતિક સંપત્તિની નશ્વરતાને જાણીને ત્યાગનો માર્ગ સ્વીકાર્યો. તેણે રાજવૈભવનો ત્યાગ કરીને, સંયમમાર્ગમાં પ્રવેશ કરી, આત્મિક સંપત્તિ માટે સાધના કરી. આ રીતે જીવ સ્વયં શુભાશુભ ભાવથી જે કર્મો બાંધે છે, તે પ્રમાણે તેને પરિસ્થિતિ, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે. તે સંયોગોમાં કેવા ભાવ રાખવા ? તેમાં જીવનો વર્તમાનનો પુરુષાર્થ છે. તે પુરુષાર્થ પ્રમાણે તે પોતાના ભવિષ્યનું નિર્માણ કરે છે.

**અધ્યયન - ૨ થી ૧૦ -** આ નવ અધ્યયનમાં સુકાલ આદિ નવ ભાઈઓના ૧) મહાપદ્મ, ૨) ભદ્ર,

૩) સુભદ્ર, ૪) પદ્મભદ્ર, ૫) પદ્મસેન, ૬) પદ્મગુલ્મ, ૭) નલિનીગુલ્મ, ૮) આનંદ અને ૯) નંદન, આ નવ પુત્રોનું ચરિત્ર છે. તે નવે કુમારો પણ પ્રભુ મહાવીરના સમાગમે બોધ પામીને સંયમમાર્ગનો સ્વીકાર કરી સ્વાધ્યાય અને ધ્યાનની સાધનાથી જીવન સફળ બનાવી, વૈમાનિક જાતિના દેવપણે ઉત્પન્ન થયા છે. તેમાં પદ્મ અને મહાપદ્મકુમાર પાંચ વર્ષની, ભદ્ર, સુભદ્ર અને પદ્મભદ્ર ચાર વર્ષની; પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનીગુલ્મ ત્રણ વર્ષની; આનંદ અને નંદન બે વર્ષની સંયમ પર્યાયનું પાલન કરીને ક્રમશઃ બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છટ્ઠા, સાતમા, આઠમા, દશમા અને બારમા દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થયાં. દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મધારણ કરી, તે સર્વ કુમારોનો આત્મા સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધ થશે.

## વર્ગ : ૩ પુષ્પિકા

આ વર્ગમાં દશ અધ્યયન છે. તેમાં કોઈ એક પરિવારના દશ વ્યકિતનું જીવન કથાનક નથી. તે દશે વ્યક્તિઓને સાંસારિક કોઈ સંબંધ નથી. તેઓ વિખરાયેલા પુષ્પની જેમ જુદા-જુદા હોવાથી આ વર્ગનું

નામ પુષ્પિકા છે.

આ દશે અધ્યયનના નામ ક્રમશઃ ચંદ્ર, સૂર્ય, શુક્ર, બહુપુત્રિકા, પૂર્ણ, મણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદૃત છે. તેમાંથી બહુપુત્રિકા એક દેવી છે, શેષ નવે દેવ છે.

તે તે દેવો પ્રભુના સમવસરણમાં ગયા અને પ્રભુને વંદન–નમસ્કાર કરીને બત્રીસબદ્ધ નાટકો દ્વારા પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો. આ પ્રસંગે ગૌતમસ્વામીની જિજ્ઞાસાના સમાધાન રૂપે પ્રભુએ તે તે દેવોના પૂર્વ – પશ્ચાત્ત ભવોનું કથન કર્યું છે.

**અધ્યયન – ૧ : ચંદ્રદેવ** – ભગવાન પાર્શ્વનાથ પ્રભુના સમયમાં શ્રાવસ્તી નામની નગરી હતી. ત્યાં અંગતિ નામના ધનસંપન્ન એક શ્રેષ્ઠી રહેતા હતા.

તેઓ પાર્શ્વનાથ ભગવાનના સમાગમે સંસારનું સ્વરૂપ સમજી ગયા. તેમણે જયેષ્ઠ પુત્રને કૌટુંબિક જવાબદારી સોંપીને શ્રમણધર્મનો સ્વીકાર કર્યો. પાર્શ્વનાથ પ્રભુના સ્થવિર મુનિઓ પાસે અગિયાર અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું. તપ–સંયમની સાધના દ્વારા શરીર કૃશ થઈ ગયું ત્યારે અંતે પંદર દિવસ અનશનની

આરાધના કરીને, આયુષ્ય પૂર્ણ કરીને, તે જ્યોતિષી દેવોના ઈન્દ્ર ચંદ્રદેવ રૂપે ઉત્પન્ન થયા.

ચંદ્રદેવની સ્થિતિ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે. તે સ્થિતિ પૂર્ણ કરીને ચંદ્રદેવનો આત્મા મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

**અધ્યયન – ૨ : સૂર્યદેવ** – શ્રાવસ્તી નગરીમાં સુપ્રતિષ્ઠિત નામના શ્રેષ્ઠી રહેતા હતા તેમણે પણ અંગતિ શ્રેષ્ઠીની જેમ પ્રભુ પાર્શ્વનાથના ઉપદેશથી બોધ પામી સંયમનો સ્વીકાર કર્યો, અગિયાર અંગશાસ્ત્રોનું અધ્યયન, વિવિધ તપસાધના અને પંદર દિવસના અનશનની આરાધના કરીને, તેઓ જ્યોતિષીદેવોના ઈન્દ્ર સૂર્યેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા છે. સૂર્યેન્દ્રની સ્થિતિ એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમની છે. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને તે જીવ મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

**અધ્યયન – ૩ : શુક્રદેવ** – વારાણસી નગરીમાં સોમિલ નામનો બ્રાહ્મણ હતો. તે વેદ–વેદાંગમાં પારંગત હતો અને યજ્ઞ–યાગ આદિ વૈદિક ક્રિયાઓ કરવા–કરાવવામાં કુશળ હતો. એકદા પ્રભુ પાર્શ્વનાથ તે નગરીમાં પધાર્યા.

સોમિલ બ્રાહ્મણ પ્રભુ પાસે પોતાના પ્રશ્નોનું સમાધાન કરવા ગયા. પ્રભુ પાસેથી સમાધાન મેળવીને સોમિલને પ્રભુ પ્રતિ શ્રદ્ધાનો ભાવ જાગૃત થયો. પ્રભુના ઉપદેશથી બોધ પામીને, તેણે શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો.

આ રીતે સંત-સમાગમથી તેના જીવનમાં પરિવર્તન થયું. સમય વ્યતીત થતાં સોમિલ બ્રાહ્મણને સત્સંગના અભાવમાં ધર્મશ્રદ્ધા ઘટી ગઈ, પરિણામે તેના આચરણમાં પણ પરિવર્તન આવ્યું. તે શ્રાવકપણામાં અશોભનીય એવી વૃક્ષારોપણ વગેરે પ્રવૃત્તિઓ કરવા લાગ્યા. તેણે અનેક આમ્રફળોના ઉદ્યાન બનાવ્યા અને કાલાંતરે તેણે દિશાપ્રોક્ષક તાપસપ્રવ્રજયા ગ્રહણ કરીને દિક્ચક્રવાલ તપની આરાધના શરૂ કરી. તેમાં છઠના પારણે છઠની તપસ્યા અને પારણામાં ક્રમશઃ એક-એક દિશાનું પૂજન કરીને, તે દિશાના ક્ષેત્રપાલ દેવોની આજ્ઞા લઈને, તે તે દિશામાંથી કંદ, મૂળ, ફળ આદિ ગ્રહણ કરવાનો નિયમ લીધો હતો.

વર્ષો સુધી તાપસ પ્રવ્રજયાનું પાલન કરીને અંતે મહામૃત્યુ માટે પ્રસ્થાન કરતાં તેણે સંકલ્પ કર્યો કે ઉત્તર દિશામાં સતત ચાલવું અને પડી જવાય ત્યાંથી ઊઠવું

નહીં. આ પ્રમાણે ઉત્તરદિશામાં ચાલતાં-ચાલતાં થાકી ગયા, ત્યાં વૃક્ષ નીચે પોતાના નિયમાનુસાર વિધિ-વિધાન કરીને કાષ્ટ મુદ્રાથી મુખ બાંધીને ધ્યાનસ્થ બની ગયા. રાત્રે એક દેવે પ્રગટ થઈને કહ્યું, 'હે સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે, તેને છોડી દે, પરંતુ સોમિલે દેવના કથનને લક્ષમાં લીધું નહીં. દેવે બીજી, ત્રીજી વાર, તેમ ક્રમશઃ પાંચમી રાત્રે પણ તે જ ઘટના ઘટિત થઈ. ત્યારે સોમિલે દેવને પૂછ્યું કે 'મારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે, તો હવે હું શું પરિવર્તન કરું ?' તેના ઉત્તરમાં દેવે તેને પુનઃ શ્રાવક ધર્મનો સ્વીકાર કરવાનું કહ્યું, સોમિલ બ્રાહ્મણે દેવના વચનાનુસાર પુનઃ શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો, ત્યાર પછી છઠ, અટ્ઠમ, આદિ માસખમણ સુધીની વિવિધ તપસ્યા કરી. અનેક વર્ષો સુધી શ્રાવકધર્મનું પાલન કરી, પંદર દિવસના અનશનની આરાધના કરીને, આલોચના આદિ કર્યા વિના જ કાલધર્મ પામી, જ્યોતિષી દેવોમાં ગ્રહજાતિના શુક્ર ગ્રહ દેવ રૂપે ઉત્પન્ન થયા.

સોમિલ બ્રાહ્મણે એક વાર શ્રાવકધર્મનો ત્યાગ કરી તાપસપણાનો સ્વીકાર કર્યો હતો. સોમિલ તજજન્ય

દોષોથી નિવૃત્ત થયા નહીં. સોમિલ બ્રાહ્મણ તે દોષોની આલોચના નિંદા, આદિ કર્યા વિના જ કાલધર્મ પામ્યા હોવાથી જ્યોતિષી દેવમાં શુક્ર જાતિના દેવપણે ઉત્પન્ન થયા છે. ત્યાનું આયુષ્ય પૂર્ણ કરીને શુક્રદેવ મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

**અધ્યયન – ૪ : બહુપુત્રિકાદેવી** – આ અધ્યયનમાં બહુપુત્રિકા દેવીના પૂર્વ–પશ્ચાદ્ પાંચ ભવનું નિરૂપણ છે.

**૧. પૂર્વભવ સુભદ્રા** – વારાણસી નગરીમાં ભદ્ર સાર્થવાહ અને તેની સુભદ્રા નામની પત્ની ગૃહસ્થ જીવન વ્યતીત કરી રહ્યાં હતાં. તેમના જીવનમાં સર્વ પ્રકારની અનુકૂળતા હોવા છતાં સંતાન ન હોવાના કારણે તે અત્યંત દુઃખી અને ઉદાસીન રહેતી હતી. તેણે સંતાન પ્રાપ્તિ માટે અનેક ઉપાયો અજમાવ્યા પરંતુ તે નિષ્ફળ ગયા.

એકદા જૈન સાધ્વી તેમના ઘેર ગોચરી માટે પધાર્યા. સુભદ્રાએ તેને આહાર–પાણી વહોરાવ્યા અને તત્પશ્ચાત્ સંતાન પ્રાપ્તિ માટે કોઈ મંત્ર, તંત્ર, વિદ્યાપ્રયોગ આદિ ઉપાયો પૂછ્યા. સાધ્વીએ પોતાની સંયમસમાચારી અનુસાર સંતાન પ્રાપ્તિના ઉપાયો ન

બતાવતાં, સન્માર્ગનું દર્શન કરાવ્યું. સાધ્વીના ઉપદેશે રંગાઈને સુભદ્રા શ્રમણોપાસિકા બની ગઈ. વ્રત–નિયમનું પાલન કરવા છતાં સુભદ્રાની અતૃપ્ત ઈચ્છા શમી ન હતી. કાલાંતરે તેણે સંયમનો સ્વીકાર કર્યો. સંયમનું પાલન કરવા છતાં સંતાન પ્રાપ્તિની અધૂરી અદમ્ય ઈચ્છાના પરિણામે તે સંયમમર્યાદાનું ઉલ્લંઘન કરીને, બાળકો સાથે વિવિધ ક્રીડાઓ કરવા લાગી. ગુરુણીએ તથા અન્ય સહવર્તી સાધ્વીઓએ વારંવાર સુભદ્રા સાધ્વીને તેવી પ્રવૃતિ કરવાનો નિષેધ કર્યો. તેમ છતાં સુભદ્રાનો બાલરાગાત્મક ભાવ છૂટયો ન હોવાથી તે ગુર્વાજ્ઞાને સ્વીકારી શકી નહીં. પોતાની પ્રવૃત્તિ સ્વચ્છંદતા પૂર્વક થઈ શકે તે માટે તે જુદા ઉપાશ્રયમાં રહેવા લાગી. આ રીતે સંયમનું પાલન કરતાં પંદર દિવસનો સંથારો કરીને સંયમમાં લાગેલા દોષોની આલોચના, નિંદા કે પ્રતિક્રમણ કર્યા વિના જ કાલધર્મ પામી, પ્રથમ દેવલોકમાં બહુપુત્રિકા નામની દેવીપણે ઉત્પન્ન થઈ.

**બીજો ભવ : બહુપુત્રિકાદેવી** – ચારિત્ર પાલનના પ્રભાવે સુભદ્રાસાર્થવાહી વૈમાનિક જાતિના દેવલોકમાં દેવીપણે ચાર પલ્યોપમની સ્થિતિએ ઉત્પન્ન થઈ છે.

ત્યાં પોતાની પૂર્વભવની સંતાન પ્રાપ્તિની ઈચ્છા પૂર્ણ કરવા તે વૈક્રિયલબ્ધિથી ૧૦૮ બાળક, ૧૦૮ બાલિકાઓના રૂપની વિકુર્વણા, કરીને તેની સાથે આનંદ-પ્રમોદ કરે છે.

**ત્રીજો ભવ : સોમા** - બહુપુત્રિકાદેવી દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને બ્રાહ્મણના ઘેર સોમા નામની પુત્રી તરીકે જન્મ ધારણ કરશે. સોમા યુવાવસ્થામાં પ્રવેશ કરશે ત્યારે માતા-પિતા પોતાના ભાણેજ રાષ્ટ્રકૂટ સાથે તેના લગ્ન કરશે. સોમા પોતાના પતિને અત્યંત પ્રિય બની જશે. પૂર્વભવમાં સંતાન પ્રાપ્તિની તીવ્ર તમન્ના સાથે સંયમનું પાલન કર્યું હોવાથી પુણ્યયોગે તેની મનોકામના પૂર્ણ થશે. સોમા દર વર્ષે બે બાળકને, તે રીતે સોળ વર્ષમાં બત્રીસ બાળકોને જન્મ આપશે. એક સાથે આટલા બાળકોના પાલન પોષણમાં સોમા હેરાન-પરેશાન થઈને થાકી જશે અને બાળક ન હોય, તો સારું તેવી મનોકામના કરશે.

એકદા ગોચરીએ પધારેલા સાધ્વીને સોમા પોતાના મનનું દુઃખ પ્રગટ કરશે અને તેના ઉપાય માટે વિનંતિ કરશે. સાધ્વી પોતાના નિયમાનુસાર તેને

ધર્મોપદેશ આપશે. સોમાને વૈરાગ્યભાવ પ્રગટ થશે, પરંતુ પતિના ગાઢ સ્નેહબંધના કારણે સંયમ સ્વીકાર ન કરતાં શ્રાવક વ્રતનો સ્વીકાર કરશે અને કાલાંતરે સંયમ ગ્રહણ કરી, શુદ્ધભાવે આરાધના કરી, અંતે એક માસનો સંથારો કરી, આલોચના, પ્રતિક્રમણપૂર્વક સમાધિભાવે કાલધર્મને પ્રાપ્ત થશે.

**ચોથોભવ : સોમાદેવ** – સોમાસાધ્વી આયુષ્ય પૂર્ણ કરીને, પ્રથમ દેવલોકમાં, સામાનિક દેવપણે બે સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થશે.

**પાંચમોભવ : મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય** – દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને તેનો આત્મા મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી સર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધગતિને પ્રાપ્ત થશે.

બહુપુત્રિકાદેવીના કથાનકથી આસકિતની પરંપરા અને તેનો કરૂણ અંજામ સ્પષ્ટ થાય છે. પ્રવૃત્તિનું પરિવર્તન થવા છતાં વૃત્તિનું પરિવર્તન ન થાય, આસકિતનો ભાવ છૂટે નહીં, ત્યાં સુધી તે વ્યકિતની ભવપરંપરા ઘટતી નથી.

**અધ્યયન – ૫ : પૂર્ણભદ્રદેવ** – જંબૂદ્વીપના ભરત

ક્ષેત્રમાં મણિપદિકા નામની નગરીમાં પૂર્ણભદ્ર નામના શ્રેષ્ઠી રહેતા હતા. બહુશ્રુત સ્થવિર મુનિઓના સમાગમે બોધ પામી પૂર્ણભદ્રે સાધુધર્મનો સ્વીકાર કર્યો. અગિયાર અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું, ઉપવાસથી માસખમણ સુધીની અનેકવિધ તપસ્યાઓ દ્વારા કર્મનિર્જરા કરતાં અનેક વર્ષો સુધી સંયમનું પાલન કર્યું અને એક માસના અનશનની આરાધના કરી, સમાધિભાવે દેહનો ત્યાગ કરી, સૌધર્મ દેવલોકમાં પૂર્ણભદ્રદેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાં બે સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને, મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને, સિદ્ધ થશે.

**અધ્યયન – ૬ થી ૧૦ –** આ પાંચ અધ્યયનમાં ક્રમશઃ મણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદત શેઠનું જીવન વૃત્તાંત છે. તેઓએ પણ પૂર્ણભદ્રશેઠની જેમ સ્થવિરોના બોધથી બોધ પામી સંયમ સ્વીકાર કર્યો. સંયમ – તપનું પાલન કરીને બે સાગરોપમની સ્થિતિએ દેવપણે ઉત્પન્ન થયા છે. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને, મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને, તે સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ રીતે આ વર્ગના દશ જીવોમાંથી ચંદ્ર, સૂર્ય, શુક્ર અને બહુપુત્રિકાદેવી, આ ચાર વિરાધક થયા અને

શેષ છ જીવો આરાધકપણે કાલધર્મ પામી વૈમાનિક જાતિના દેવ થયા છે. દશ જીવોમાંથી એક બહુપુત્રિકા દેવી ત્રીજા ભવે મોક્ષે જશે અને શેષ નવ જીવો એકાવતારી અર્થાત એક મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને, મોક્ષે જશે.

## વર્ગ : ૪ પુષ્પચૂલિકા

આ વર્ગના દશ અધ્યયનોમાં ક્રમશઃ શ્રી, હ્રીં, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઈલાદેવી, સુરાદેવી, રસદેવી અને ગંધદેવી, આ દશ દેવીઓના જીવનવૃત્તાંતનું કથન છે. તે દશે દેવીઓએ પૂર્વભવમાં પાર્શ્વનાથ પ્રભુના પુષ્પચૂલિકા નામના સાધ્વી પાસે દીક્ષા લીધી હતી, તેથી આ વર્ગનું નામ પુષ્પચૂલિકા છે. તે દેવીઓ પ્રભુ મહાવીરસ્વામીના સમવસરણમાં દર્શન કરવા આવી, તેણે પ્રભુને વંદન નમસ્કાર કરી, વિવિધ નાટયવિધિ દ્વારા ભક્તિભાવ પ્રદર્શિત કર્યા અને સ્વસ્થાને ચાલી ગઈ.

ત્યાર પછી ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તર રૂપે પ્રભુએ તે દેવીઓના પૂર્વપશ્ચાત્ ભવનું કથન કર્યું.

**અધ્યયન – ૧ : શ્રીદેવી** – રાજગૃહી નગરીમાં સુદર્શન નામના શ્રેષ્ઠી તથા તેની પ્રિયા નામની પત્ની રહેતાં હતાં.

તેને ભૂતા નામની પુત્રી હતી. અશુભનામ કર્મના ઉદયે ભૂતા યુવાવયમાં વૃદ્ધ અને જીર્ણ શરીરવાળી દેખાતી હતી, તેથી તેને કોઈ પુરુષ પત્ની તરીકે સ્વીકારતો ન હતો.

એકદા ભૂતા પાર્શ્વનાથ પ્રભુના સમાગમે બોધ પામી અને તેણે પુષ્પચૂલિકા સાધ્વી પાસે સંયમનો સ્વીકાર કર્યો. સંયમ-તપનું પાલન કરતાં ભૂતા સાધ્વીના અંતરમાં દેહરાગ જાગૃત થયો. તે હાથ, પગ, મોઢું, આંખ વગેરે વારંવાર ધોવા; બેસવાની, સૂવાની જગ્યાને વારંવાર સાફ કરવી, ધોવી; વગેરે શુચિમૂલક ધર્મના વ્યવહાર દ્વારા શરીરની સુખશીલતાનું પોષણ કરવા લાગી. રત્નાધિક સાધ્વીઓએ ભૂતા સાધ્વીને આ પ્રવૃત્તિ માટે અનેકવાર રોકી, પરંતુ તેનો સ્વછંદ રોકાયો નહીં, તેણે અલગ ઉપાશ્રયમાં રહીને પોતાની પ્રવૃત્તિ યથાવત્ ચાલુ રાખી. સંયમ-તપના પાલન સાથે ઉપરોકત પ્રવૃત્તિની આલોચનાદિ કર્યા વિના જ કાલધર્મ પામીને પ્રથમ દેવલોકના અવતંસક વિમાનમાં શ્રીદેવી રૂપે ઉત્પન્ન થઈ, ત્યાં એક પલ્યોપમની સ્થિતિ પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને તે સિદ્ધ થશે.

સંયમી જીવનમાં શરીરની સુખશીલતા કે દેહરાગ સાધકને સાધનામાં બાધક બને છે. તે વૃત્તિ અનેક અનર્થોનું સર્જન કરે છે. તે આ વૃત્તાંતથી જાણી શકાય છે.

**અધ્યયન : ૨ થી ૭** – આ નવ અધ્યયનમાં કથિત નવ દેવીઓ પણ પૂર્વભવમાં પુષ્પચૂલિકા સાધ્વી પાસે દીક્ષિત થઈ હતી. સાધુપણામાં ભૂતાસાધ્વીની જેમ શરીર શુશ્રુષામાં ઓતપ્રોત બનીને અર્થાત શરીરબકુશા બની ગઈ. તે નવે સાધ્વી તજ્જન્ય દોષોની આલોચનાદિ કર્યા વિના જ આયુષ્ય પૂર્ણ કરીને પ્રથમ દેવલોકમાં એક પલ્યોપમની સ્થિતિએ દેવીપણે ઉત્પન્ન થઈ છે. આ ભવનું આયુષ્ય પૂર્ણ કરીને તે દશે દેવીઓ મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ રીતે આ વર્ગમાં કથિત દશે દેવીઓ એકાવતારી અર્થાત્ એક મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને સિદ્ધ થશે. આ દેવીઓએ પૂર્વભવમાં શરીરબાકુશી પ્રવૃત્તિથી ચારિત્રની વિરાધના કરી હતી પરંતુ તેની શ્રદ્ધા દઢતમ હતી, તેથી જ તે વિરાધક થવા છતાં અનંત સંસાર પરિભ્રમણ કરતી નથી. તે દેવીઓએ સમ્યગ્દર્શનની વિરાધના કરી ન હોવાથી વૈમાનિક જાતિની દેવી પણે

ઉત્પન્ન થઈ છે.

## વર્ગ : ૫ વૃષ્ણિદશા

આ વર્ગમાં બાર અધ્યયનો છે. તેના ચરિત્રનાયકો અંધકવૃષ્ણિકુળના હોવાથી, તેનું નામ વૃષ્ણિદશા છે. તેના નામ ક્રમશઃ નિષધ, માયની, વહ, વહે, પ્રકૃતા, યુક્તિ, જ્યોતિ, દશરથ, દઢરથ, મહાધનુ, સપ્તધનુ, દશધનુ અને શતધનુ છે. આ બારે કુમાર શ્રીકૃષ્ણના ભાઈ બળભદ્રજીના પુત્રો હતા.

**અધ્યયન-૧ : નિષધકુમાર** – ભગવાન નેમનાથના સમયમાં દ્વારકા નામની નગરીમાં શ્રીકૃષ્ણના મોટાભાઈ બળદેવ બળભદ્રજી અને તેમની રેવતી નામની પત્ની રહેતાં હતાં. તેમને નિષધ નામનો પુત્ર હતો. યુવાવસ્થામાં પ્રવેશ કરતાં જ નિષધકુમારનું પચાશ કન્યાઓ સાથે પાણિગ્રહણ થયું. એકદા નેમનાથભગવાન દ્વારકા નગરીમાં પધાર્યા. નિષધકુમાર પ્રભુના દર્શન માટે ગયા. પ્રભુના ઉપદેશે નિષધકુમારનો આત્મા જાગૃત થયો. તેણે શ્રાવકના બાર વ્રતનો સ્વીકાર કર્યો.

નિષધકુમાર પુણ્યના ઉદયે ઈષ્ટ, કાંત, પ્રિય, મનોહર રૂપસંપન્ન દેહના ધારક હતા. તેને જોઈને

પાર્શ્વનાથ પ્રભુના ગણધર વરદત્ત અણગારે પ્રભુને પ્રશ્ન પૂછ્યો કે નિષધકુમાર પૂર્વભવમાં કોણ હતા ? તેણે આ મનુષ્યજન્મની ઋદ્ધિ કઈ રીતે પ્રાપ્ત કરી ? વરદત્ત અણગારની શંકાના સમાધાન રૂપે પ્રભુએ નિષધકુમારના પૂર્વભવનું કથન કર્યું.

**પૂર્વભવ-વીરાંગદકુમાર-** ભરતક્ષેત્રના રોહતક નગરમાં મહાબલ નામના રાજા તથા તેનો વીરાંગદ નામનો પુત્ર હતો. યુવાવસ્થાને પ્રાપ્ત વીરાંગદકુમારના બત્રીસ રાજકન્યાઓ સાથે લગ્ન થયા.

એકદા સિદ્ધાર્થ નામના આચાર્યના સંયોગે વીરાંગદકુમારે ત્યાગમાર્ગની મહત્તા સમજીને, સર્વસ્વનો ત્યાગ કરીને સંયમ માર્ગનો સ્વીકાર કર્યો. તે વિશેષ પ્રકારે જ્ઞાન અને તપની આરાધના દ્વારા સંયમી જીવનને પુષ્ટ બનાવવા પ્રયત્નશીલ બની ગયા. તેણે અગિયાર અંગશાસ્ત્રો કંઠસ્થ કર્યા. અનેકવિધ તપસ્યાઓ દ્વારા આત્મવિશુદ્ધિ કરતાં ૪૫ વર્ષ સુધી સંયમ પર્યાયનું પાલન કરીને, અંતે એક માસનો સંથારો કરીને, આરાધક ભાવે કાલધર્મ પામી, વૈમાનિક જાતિના પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા અને ત્યાં દશ સાગરોપમના દેવાયુષ્ય પૂર્ણ કરીને, તે જીવે

નિષધકુમાર રૂપે જન્મ ધારણ કર્યો છે.

તે નિષધકુમાર શ્રાવકને એકદા રાત્રે ધર્મજાગરણ કરતાં દ્વારકા નગરીમાં પ્રભુ નેમનાથ પધારે, તો તેમની પર્યુપાસના કરવાના તીવ્રતમ ભાવ જાગૃત થયા. સર્વજ્ઞ પ્રભુએ તેના મનની વાત જાણી લીધી અને દ્વારકા નગરીમાં પધાર્યા. નિષધકુમારની ભાવના પરિપૂર્ણ થઈ. તે ભક્તિસભર ભાવે પ્રભુના દર્શન કરવા ગયા. પ્રભુનો ઉપદેશ સાંભળીને તેનું અંતર સંયમધર્મ માટે આકર્ષિત થયું. વર્ધમાન પરિણામે પ્રભુ નેમનાથના સાંનિધ્યમાં નિષધકુમાર દીક્ષિત થયા.

પ્રભુના સ્થવિર મુનિઓ પાસે અગિયાર અંગ સૂત્રોનું અધ્યયન કર્યું. અનેક વિધ તપસ્યાની આરાધનાથી આત્માને ભાવિત કર્યો. આ રીતે નવ વર્ષ સુધી શુદ્ધ ચારિત્રધર્મનું પાલન કરીને ૨૧ દિવસના અનશનની આરાધના કરીને, આલોચના અને પ્રતિક્રમણપૂર્વક સમાધિભાવે દેહનો ત્યાગ કર્યો અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીસ સાગરોપમની સ્થિતિએ એકાવતારી દેવપણે ઉત્પન્ન થયા.

દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને તેનો આત્મા

મહાવિદેહક્ષેત્રમાં ઉન્નાક નગરમાં રાજકુળમાં જન્મ ધારણ કરશે. યુવાવસ્થામાં પ્રવેશ કરતાં તેના પૂર્વના ત્યાગમાર્ગના સંસ્કારોના પ્રભાવે સ્થવિર મુનિઓ પાસે સંયમધર્મનો સ્વીકાર કરશે. અગિયાર અંગનું જ્ઞાન તથા વિવિધ તપસ્યાની આરાધનાથી અનંત કર્મોનો નાશ કરશે. આ રીતે વર્ષો સુધી સંયમનું પાલન કરીને અંતે એક માસનું અનશન કરીને જે લક્ષ્યથી સંયમનો સ્વીકાર કર્યો હતો, તે લક્ષ્યને સિદ્ધ કરશે અર્થાત સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

**અધ્યયન : ૨ થી ૧૨** – શેષ સર્વ અધ્યયનમાં રેવતીના પુત્ર અને નિષધકુમારના એક-એક ભાઈઓનું જીવનવૃત્તાંત છે. તે સર્વ ભાઈઓ પણ નિષધકુમારની જેમ સંયમ સ્વીકાર કરી, સ્વાધ્યાય-ધ્યાનથી સંપૂર્ણ આત્મવિશુદ્ધિ કરશે અર્થાત્ સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ રીતે નિરયાવલિકા આદિ પાંચે વર્ગમાં બાવન આત્માઓના પૂર્વ-પશ્ચાદ્ ભવના કથન દ્વારા કર્મનો સિદ્ધાંત તથા સંસારમાં ઋણાનુબંધ સંબંધની વિચિત્રતાનો બોધ થાય છે.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
   શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
   શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
   શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
   શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
   શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
    શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
    શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
    શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
    શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
    શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
    શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
    શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**


શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉન્ડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869



**પરમ પ્રિંટર્સ** – 9825193988


◆ કિંમતઃ રૂ. 300/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-